ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 30ty December, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની ૨૮મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ યોજાઈ.**

## પસંદગી પામેલ બાળ વૈજ્ઞાનિકોનાં 5 લઘુસંશોધનો રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આપણી સમસ્યાઓના સમાધાન અને સરળતાથી કાર્ય કરવા અવનવી ટેકનોલોજી અને વિજ્ઞાનના ઉત્પાદનો વધુ મહત્વપૂર્ણ બન્યા છે. આપણા જીવનના દરેક પાસાને અસર કરતી જાહેર નીતિના નિર્ણયો વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત છે. આદર્શરીતે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પદ્ધતિ શીખવવી જેમાં, કેવી રીતે વિચારવું, સમસ્યાઓનું નિરાકરણ કરવું અને અસરકારક નિર્ણયો લેવા માટે પોતાનો દ્રષ્ટિકોણ કેળવે તેવા આશયથી છેલ્લા ૨૭ વર્ષથી ચોક્કસ વિષયને કેન્દ્રસ્થાને રાખીને ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ NCSTC દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (NCSC-2020)નું વિવિધ સ્તરે આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માટે મુખ્ય વિષય 'નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન' છે. ગુજરાત રાજ્યમાં આ પ્રવૃતિનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે.

ભાવનગર જીલ્લામાં જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ -૨૦૨૦નું આયોજન તા.૨૭ ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ "વિજ્ઞાન ભવન", ભાવનગર ખાતે GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ભાવેશભાઈ વ્યાસ (એકેડેમિક કોર્ડીનેટર, NCSC-2020) અને નિર્ણાયક તરીકે ડૉ. પ્રણવ શાહ (પ્રોફેસર, સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી કોલેજ, ભાવ.), શ્રી શૈલેશભાઈ દિહોરા (પ્રાધ્યાપક, સરદાર પટેલ કોલેજ ઓફ સાયન્સ, ભાવ.), શ્રી શૈલેશભાઈ ડાભી (લેબ આસી. એચ.સી.જી. હોસ્પિટલ, ભાવ.), શ્રી જીગ્નેશભાઈ કનેજીયા(વીઝીટીંગ ફેકલ્ટી, લાઈફ સાયન્સ ડીપાર્ટમેન્ટ, ભાવ.), શ્રી હેમંતભાઈ રાજપુરા (રીટાયર્ડ પ્રોફેસર, B.P.T.I., ભાવ.) તથા ડૉ. કૃષ્ણકાંત બક્ષીએ ફરજ બજાવી હતી.

જીલ્લા કક્ષાની રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદમાં શહેર અને ગ્રામ્યની સમસ્યાને લગતા મુખ્ય વિષય આધારિત પ્રશ્નો પર પોતાના વિચારો અને ઉપાયો અંગે કુલ ૧૬ બાળ વૈજ્ઞાનિકોએ પોતાના લઘુ સંશોધનો રજુ કર્યા હતા. જે પૈકીના વૈજયંતી ઓઝા, પ્રિન્સેસ પંચોલી, સુજલ પરમાર, જુષ્ય જોગી અને મેહરીન મેઘાણી એમ કુલ પાંચ બાળ વૈજ્ઞાનિકોના લઘુ સંશોધનો રાજ્ય કક્ષા માટે પસંદગી પામેલ. જેઓ આગામી જાન્યુઆરી, ૨૦૨૧માં GUJCOST દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઓનલાઈન-લાઈવ માધ્યમથી ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ સમગ્ર કાર્યક્રમમાં બાળ વૈજ્ઞાનિકો, શિક્ષકો, વાલીઓ અને નિર્ણાયકો એમ કુલ ૪૦ લોકો જોડાયા હતા. ભાગ લેનાર તમામ બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકશ્રીઓને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ. કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ દ્વારા વિજેતા થયેલ બાળ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી રાજ્ય કક્ષા માટે શુભેચ્છા પાઠવેલ.

(હર્ષદ જોષી) 30-12-2020 4 PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.